**પરિપત્ર:**

**વિષય: આપની કોલેજસંસ્થામાં સલામતીના ધોરણો જાળવવા તથા ફાયર સેફ્ટી સુનિશ્ચિત કરવા બાબત.**

**સંદર્ભઃ ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરનાં પત્ર ક્રમાંક ઉશિક/પી.આર.ઓ./ફાયર સેફ્ટી/૨૦૨૪/૫૪૨-૧૦૫૬, તા.૩૦/૦૫/૨૦૨૪.**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પત્રમાં જણાવ્યા મુજબ આપની કોલેજ/અનુસ્નાતક કેન્દ્ર/અનુસ્નાતક ભવનોમાં FIRE NOC મેળવવામાં આવેલ છે કે કેમ ? અને જો મુદ્દત પૂર્ણ થયેલ હોય તો તેને રિન્યુ કરવા તેમજ સલામતીના ધોરણો જાળવવા સંદર્ભ પત્રમાં જણાવ્યા મુજબ જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે તેમજ આ અંગે સંસ્થા/કોલેજનાં વડા દ્વારા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઇ તમામ પ્રકારની ચકાસણી કરી આ સામે સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર કોલેજનાં લેટરપેડ પર આચાર્યશ્રીના સહિ-સિક્કા સાથે PDF ફોર્મેટમાં **તા.૦૭/૦૬/૨૦૨૪** સુધીમાં ઇ-મેલ દ્વારા બીનચૂક મોકલી આપવા તેમજ તેની એક નકલ અત્રેના વિભાગનાં ઇ-મેઇલ આઇ.ડી. academic@bknmu.edu.in પર જાણ અર્થે મોકલી આપવા જણાવવામાં આવે છે.

ડી.ડી.એમ. સુગડીયા
કા.કુલસચિવ

**બિડાણઃ- સંદર્ભદર્શિત પત્રની નકલ**

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૬૩૦/૨૦૨૪
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા. ૩૧/૦૫/૨૦૨૪

પ્રતિ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે:-**
(૧) આઈ.ટી.સેલ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અને યોગ્ય કાર્યવાહી અર્થે...

# ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

જનસંપર્ક શાખા, બ્લોક નં. ૧૨/૨ , બીજો માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર, ગુજરાત રાજ્ય.

ક્રમાંક : ઉશિક/પી.આર.ઓ./ફાયર સેફ્ટી/૨૦૨૪/૫૪૨-૬૦૫૯

તા. ૩૦ /૦૫/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

1) સરકારી કોલેજો તમામ,

2) બિન સરકારી અનુદાનિત કોલેજો તમામ,

3) અનુદાનિત ગ્રામવિદ્યાપીઠ સંસ્થાઓ તમામ

નિયામકશ્રી,

1) અનુદાનિત સંશોધન સંસ્થાઓ તમામ

રજિસ્ટ્રારશ્રી,

1) રાજ્યની યુનિવર્સિટીઓ તમામ

વિષય : કોલેજ/ગ્રામવિદ્યાપીઠ સંસ્થાઓ/સંશોધન સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાં સલામતીના ધોરણો જાળવવા તથા ફાયર સેફટી સુનિશ્ચિત કરવા બાબત...

સંદર્ભ : રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગરનો પત્રાંક : સફસ/ફન-૮૫.૧/૧૪૯/૨૦૨૧, તા.૦૫/૦૬/૨૦૨૧

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી, ગાંધીનગર દ્વારા ફાયર સેફ્ટી અનુસંધાને જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરવા અંગેની સૂચનાઓ આપવામાં આવેલ છે. (સદર પત્રની નકલ આ સાથે સામેલ છે.) તેનો પુરતો અભ્યાસ કરીને આપની કોલેજ/ગ્રામવિદ્યાપીઠ સંસ્થા/સંશોધન સંસ્થા/યુનિવર્સિટીમાં નીચે મુજબની કામગીરી સત્વરે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

આપની કોલેજ/ગ્રામવિદ્યાપીઠ સંસ્થા/સંશોધન સંસ્થા/યુનિવર્સિટીમાં સંદર્ભદર્શિત પત્રના અનુસંધાને આપેલ સૂચનાઓ અનુસાર સંસ્થા દ્વારા FIRE NOC મેળવવામાં આવેલ છે કે કેમ ? અને જો તેની મુદ્દત પુરી થઈ હોય તો તેને રિન્યુ કરવામાં આવેલ છે કે કેમ ? તેની ચકાસણી કરાવી લેવાની રહેશે.

સંદર્ભદર્શિત પત્ર સાથે જોડેલ ચેકલિસ્ટ મુજબ ૯ મીટર કે ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી સંસ્થાઓની ઇમારતમાં લઘુત્તમ ફાયર સેફટીની સુવિધા કરવા બાબતે આપેલ વિગતો અનુસારની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ ? તેની કોલેજ/યુનિવર્સિટીના આચાર્યશ્રી/નિયામકશ્રી/રજિસ્ટ્રારશ્રી મારફત ચકાસણી કરવાની રહેશે. ફાયર એક્સ્ટીંગ્યુશર એક્ષપાયર થયેલ છે કે કેમ ? તેની પણ ચકાસણી કરવાની રહેશે.

સંદર્ભદર્શિત પત્ર મુજબ રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી દ્વારા જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે ૯ મીટરથી વધુ ઉંચાઈ ધરાવતી હોય તેમજ એમાં જો બેઝમેન્ટ હોય તો તેનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મી.થી

વધુ હોય તેવા કિસ્સામાં ફાયર અધિકારી પાસેથી ફાયર સેફ્ટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનુ રહે છે. જે અન્વયે સંસ્થાએ ફાયર સેફ્ટી સર્ટીફિકેટ મેળવેલ છે કે કેમ ? તેની ચકાસણી કોલેજ/યુનિવર્સિટીના આચાર્યશ્રી/નિયામકશ્રી/રજિસ્ટ્રારશ્રી મારફત કરવાની રહેશે.

ઉક્ત વિગતો ચકાસતાં જો કોઈ ઉણપ જણાય તો વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને રાખી તાત્કાલિક વ્યવસ્થા કરવાની રહેશે અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.

આમ, વિદ્યાર્થીઓની સલામતી ધ્યાનમાં રાખીને ઉક્ત વિગતે કોલેજ/ગ્રામવિદ્યાપીઠ સંસ્થાઓ/સંશોધન સંસ્થાઓ/યુનિવર્સિટીઓમાં આચાર્યશ્રી/નિયામકશ્રી/રજિસ્ટ્રારશ્રીએ તમામ પ્રકારની જરૂરી ચકાસણી કરી આ સાથે સામેલ નમુના મુજબનું પ્રમાણપત્ર તા.૧૧/૦૬/૨૦૨૪ સુધીમાં નીચે મુજબના લાગુ પડતા ઈ-મેઈલ પર મોકલી આપવા સૂચના આપવામાં આવે છે.

| ક્રમ | કોલેજનો પ્રકાર | લાગુ પડતું ઈ-મેઈલ આઈ.ડી. |
|---|---|---|
| ૧ | સરકારી કોલેજ | ssesta-che@gujgov.edu.in |
| ૨ | બિન સરકારી અનુદાનિત કોલેજ | kvt.che@gmail.com |
| ૩ | અનુદાનિત ગ્રામવિદ્યાપીઠ સંસ્થા | gramvidyapith2017@gmail.com |
| ૪ | અનુદાનિત સંશોધન સંસ્થા | che.sanshodhan2019@gmail.com |
| ૫ | તમામ યુનિવર્સિટીઓ | dduniversity-che@gujgov.edu.in |

બિડાણ : ઉપર મુજબ

30/05/2024

નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનર કચેરી
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના :</u>

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ ૧, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણ (રા.ક.)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ ૨, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
- માન. સચિવશ્રી, (ઉચ્ચ અને ટેકનિકલ) શિક્ષણ, શિક્ષણવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

## પ્રમાણપત્રનો નમુનો

## આચાર્યશ્રી/નિયામકશ્રી/રજિસ્ટ્રારશ્રીએ આપવાનું પ્રમાણપત્ર

## (ફાયર સેફ્ટી)

આથી હું........................................................................................ હોદ્દો આચાર્ય/નિયામક/રજિસ્ટ્રાર પ્રમાણપત્ર આપું છું કે, અમારી ............................................................................................................ કોલેજ/યુનિર્સિટી/સંસ્થાના તમામ મકાનની ઉંચાઈ ૯ મીટર કરતા વધારે છે / ૯ મીટર કે તેથી ઓછી છે તથા અમારી કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા પાસે તા................. ની FIRE NOC ઉપલબ્ધ છે / સેલ્ફ ડેકલેરેશન મુજબના સાધનો વપરાશી હાલતમાં ઉપલબ્ધ છે. જેની મેં જાતે ખરાઈ કરેલ છે.

સંસ્થાનું નામ :

સરનામુ :

મોબાઈલ નં :

ઈ મેઈલ :

તારીખ :

આચાર્યશ્રી/નિયામકશ્રી/રજિસ્ટ્રારશ્રીની
સહિ તથા સિક્કો

**WE SERVE TO SAVE**

સત્યમેવ જયતે

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી

બ્લોક નં.૧૩, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.
ઈ-મેલ: dir.sfps@gmail.com, ટેલિફોન નં.૦૭૯-૨૩૨-૫૭૦૨૨/૨૩/૪૦.

ક્રમાંક: સફસ/ફન- ૮૫.૧/૭૪૯ /૨૦૨૧ તા.૨૧/૦૬/૨૦૨૧

વિષય:- ફાયર સેફટી સર્ટિફિકેટ ઈશ્યુ કરવા બાબત સ્પષ્ટતા થવા બાબત.

પરિપત્ર:-

સરકારશ્રી દ્વારા ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક (સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસૂચિ મુજબનાં બિલ્ડીંગો માટે નિયમ -૨૩(૧) ની જોગવાઈ મુજબ ફાયર સેફટી સર્ટીફિકેટ (ફાયર NOC) ઈશ્યુ કરવાની જોગવાઈ થયેલી છે. વખતોવખત રાજયના રીજીયનલ ફાયર ઓફીસર/ચીફ ફાયર ઓફીસર સાથે મીટીંગો દરમ્યાન ક્ષેત્રિય કક્ષાએ કામગીરી દરમ્યાન ફાયર NOC ઈશ્યુ કરવા મામલે અમૂક મુશ્કેલીઓ અનુભવાય છે. જેથી આ બાબતે સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. શૈક્ષણિક સંસ્થાઓનાં કિસ્સામાં જે ગુજરાત અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષા ઉપાય વિષયક(સુધારા) નિયમો, ૨૦૨૧ ની ત્રીજી અનુસુચીમાં જણાવ્યાનુંસાર ૯ મી ઉંચાઇ અને/ અથવા ૫૦૦ચો.મી. કોઈ એક કે વધુ માળનાં ક્ષેત્રફળેથી ઓછાં ઉંચાઇ/ક્ષેત્રફળનાં કિસ્સામાં શૈક્ષણિક સંસ્થા દ્વારા ફાયર સેફટી સર્ટીફિકેટ લેવાની જોગવાઇ સંદર્ભે વિશેષ સ્પષ્ટતા કરતા જણાવવાનું કે, જે શૈક્ષણિક સંસ્થા ૯ મીટર કે તેથી વધુ ઉંચાઇ ધરાવતી હોય તેમજ એમા જો બેઝમેન્ટ હોય તો એનું ક્ષેત્રફળ ૨૦૦ ચો.મીથી વધુ હોય તેવા કિસ્સામાં જ સંબંધિત ફાયર અધિકારી પાસેથી જ ફાયર સેફટી સર્ટીફિકેટ નિયમોનુસાર મેળવવાનું રહે છે. આ સિવાયના કિસ્સાઓમાં કે જેમાં શૈક્ષણિક સંસ્થા કે જેની ઉંચાઇ ૯ મીટરથી ઓછી હોય તેવા કિસ્સામાં ફ્લોર એરિયા ધ્યાને લીધા સિવાય એવી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે ફાયર સેફટી અંગેની જરૂરી વ્યવસ્થા શૈક્ષણિક સંસ્થા દ્વારા કરી એ મતલબનું સેલ્ફ સર્ટીફીકેશન કરી એવું સર્ટીફીકેટ મંજૂરી આપનાર ઓથોરીટીને મોકલી આપવાનું રહેશે. આ ૯ (નવ) મીટરથી ઓછી ઉંચાઇ વાળી તમામ પ્રકારની શૈક્ષણિક સંસ્થાઓ માટે આ સાથે સામેલ ચેક લીસ્ટ મુજબની વ્યવસ્થા કરી શૈક્ષણિક સંસ્થાનાં સંચાલકે પ્રમાણપત્ર સહ શૈક્ષણિક સંસ્થાને મંજુરી આપનાર

ઓથોરીટીને મોકલી આપવાની રહે છે. દરેક જીલ્લામાં શિક્ષણ વિભાગનાં નિરિક્ષકશ્રી કે અન્ય અધિકૃત અધિકારી દ્વારા પણ આ ચેક લીસ્ટ મુજબ વખતો-વખત ચકાસણી કરવાની રહેશે.

નિયામક

રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓ,

ગાંધીનગર.

નકલ સવિનય રવાના-

1. અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર.
2. અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
3. સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.
4. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગાંધીનગર.
5. કમિશ્નરશ્રી(શૈક્ષણિક સંસ્થાઓ), ગાંધીનગર.
6. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર.
7. નિયામકશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગાંધીનગર.
8. કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર.
9. કમિશ્નરશ્રી, મહાનગરપાલીકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.
10. રીજીયોનલ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર, સુરત, વડોદરા, રાજકોટ.

નકલ રવાના:-

1. જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, તમામ.
2. રીજીયોનલ ફાયર ઓફિસરશ્રી, વડોદરા, ગાંધીધામ, રાજકોટ, ગાંધીંગર, સુરત.
3. ચીફ ફાયર ઓફિસરશ્રી, મહાનગરપાલિકા- અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, જુનાગઢ, ભાવનગર.

d3

<u>ચેક લીસ્ટ</u>

## ૯ મીટર કે ૯ મીટર કરતા ઓછી ઉંચાઈ ધરાવતી શૈક્ષણીક સંસ્થાઓ ની ઈમારતોમાં લઘુતમ ફાયર સેફ્ટીની સુવિધા કરવા બાબત.

૧. જે માત્ર ગ્રાઉંન્ડ ફ્લોર ધરાવતી શૈક્ષણીક ઈમારતો

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $Co_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |

૨. જે માત્ર ૯ મીટરથી ઓછી ઉંચાઈ ધરાવતી હોય તેવી ગ્રાઉંન્ડ ફ્લોર + પ્રથમ માળ અને ગ્રાઉન્ડ + પ્રથમ + બીજો માળ ધરાવતી શૈક્ષણીક ઈમારતો.

| ક્રમ નં | ટાઈપ ઓફ ફાયર પ્રોટેક્શન | જરૂરીયાત |
|---|---|---|
| ૧ | ફાયર એક્સ્ટીંગ્યુશર | દરેક માળ ઉપર બે નંગ(દરેક ૧૦૦૦ ચો.મી.માં) જેમાં ૧ – 4.5 k.g. Type $Co_2$ Fire Extinguishers, ૨ - 6 k.g. ABC Type Fire Extinguishers |
| ૨ | હોઝ-રીલ હોઝ એસમ્બલી | દરેક માળે ૧૦૦૦ ચો.મી. વિસ્તારે એક પ્રમાણે |
| ૩ | પાણીની ટાંકી(ટેરેસ લેવલ) | ૧૦૦૦૦ લિટર |
| ૪ | ફાયર પમ્પ(ટેરેસ લેવલ) | ૪૫૦ એલ.પી.એમ. કેપેસીટી નો ઈલેક્ટ્રીક પમ્પ |